**<u>મહેરબાન જાફરાબાદના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.જાફરાબાદ</u>**

ફોજદારી કેસ નં. ૨૧૫૬/૨૦૨૨
આંક :– **૭**

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :– ઉકાભાઈ સોમાભાઈ બાંભણીયા**
**રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ**

---

**ગુનો :– ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ–૬૫(એ)(એ) મુજબ...**

---

**–:: ઠ રા વ ::–**

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધું. ફરીયાદપક્ષના કેસની હકિકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પોલીસ ધ્વારા આરોપી સામે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે, બાદ તહોમતનામું ઘડી વાંચી સંભળાવી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ ગુનો કબુલ કરેલાનું જણાવે છે. વધુમાં આરોપી ધ્વારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અમો ગરીબ ઘરના ઈસમ છીએ, છુટક મજુરી કામ કરીએ છીએ અને આવી મજુરી પણ કાયમી મળતી નથી. વધુમાં મૌખિક રજુઆત કરેલ છે કે, અમારી આર્થિક પરિસ્થિતિ સારી નથી, જેથી ઉપરોકત તમામ હકિકતો ઘ્યાને લઈ અમારો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછી સજા અને દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકિકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ ઘ્યાને લેતા જયારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય, તેઓની સામેનો આ પ્રથમ ગુન્હો હોય ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરીસ્થિતિઓને ઘ્યાનેલેતા તેમજ આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો **ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર,જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ઘ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકિત હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ઘ્યાને લઈ કાયદા દવારા નકકી કરવામાં આવેલ કરતા ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા. ૧૦૦/– (એકસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી. મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૧૨ મી, માહે– નવેમ્બર, સને– ૨૦૨૨** ની આયોજીત લોક–અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**જાફરાબાદ**
**તા. ૧૨/૧૧/૨૦૨૨**

**(અભિષેક સાહુ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક., જાફરાબાદ**
**કોડ નં. GJ01429**